# અશકત વ્યકિતનો અધિકાર અધિનિયમ – ૨૦૧૬

[ધ રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટિઝ એક્ટ–૨૦૧૬]

**સન ૨૦૧૬નો અધિનિયમ ક્રમાંક: ૪૯**
**(તારીખ ૨૭મી ડિસેમ્બર, ૨૦૧૬)**

## :: સંક્ષિપ્ત રૂપાંતર ::

શ્રી લાભુભાઈ સોનાણી

સોનેરી સવાર • પ્રકાશના પંથે
અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ-ભાવનગર

### :: સૌજન્ય ::

**અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ**

(ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નંબર : એફ/૨૬૩૮/ભાવનગર)

C/o. શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા કેમ્પસ,
નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર, ભાવનગર.

ફોન નં. ૦૨૭૮–૨૫૧૧૭૧૮, Email: agnjtbhavnagar@gmail.com

આ અધિનિયમની સંક્ષિપ્ત કોપી અને અંગ્રેજી ગેઝેટની નકલ અમારી વેબસાઈટ www.agnjs.blogspot.in પર પણ ઉપલબ્ધ છે.

અશકત વ્યકિતનો અધિકાર અધિનિયમ – ૨૦૧૬

# :: પ્રાસ્તાવિક ::

સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ સન ૨૦૦૬ના ડિસેમ્બર મહિનાની ૧૩મી તારીખે અશકત (વિકલાંગ) વ્યક્તિઓના અધિકારો અંગે પોતાની સંધિ (સમજૂતી) સંયુકત રાષ્ટ્રના દેશો સાથે પરામર્શ કરી અપનાવી હતી. અશકત વ્યકિતના સશકતીકરણ માટે નીચેના સિદ્ધાંતો ઠરાવવામાં આવ્યા.

વ્યકિતની સ્વતંત્રતા અને સ્વાયત્તતાનો આદર, સમાનતક, ભેદભાવ રહિત વર્તન, સમાજમાં સંપૂર્ણ અસરકારક સહભાગિતા અથવા સમાવેશ, માનવીય ભિન્નતા, માનવતાના ભાગ તરીકે વિકલાંગ વ્યકિતઓની વિક્ષમતાનો આદર કરવો અને તેમનો સ્વીકાર કરવો, મૈત્રીભાવ રાખવો, સ્ત્રી અને પુરુષ વચ્ચે સમાનતા, અશક્ત બાળકોની પ્રગતિ માટે પગલાં ભરવા તેમજ આવા બાળકોની ઓળખ જાળવી રાખવા ટેકો કરવો.

ઉપરોકત સંધિના સુચારૂ અમલ માટે પ્રવર્તમાન વિકલાંગ ધારો–૧૯૯૫ ના સ્થાને સંયુકત રાષ્ટ્રની વિભાવનાઓને આધીન ભારત સરકારે સન ૨૦૦૭ નાં ઓકટોબર મહિનાની પહેલી તારીખે સદરહુ સમજૂતીને બહાલી આપી. સરકારે ઉપરોકત બાબતોને ધ્યાને લઇ વિકલાંગોના હિતમાં પ્રવર્તમાન કાયદાનાં સ્થાને કાનૂની પરિવર્તન કરી નવા વિધેયકનો મુસદ્દો તૈયાર કરવા વર્ષ ૨૦૧૦ માં સમિતિ નિયુક્ત કરી. વર્ષ ૨૦૧૧ માં દેશભરનાં નિષ્ણાતો સાથે પરામર્શ–બેઠકો કરી, વિચારણાના અંતે સમિતિ દ્વારા પ્રવર્તમાન અધિનિયમ ઘડવા માટે ખાસ મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો. વર્ષ ૨૦૧૪ માં જ રાજયસભાએ બિલ પસાર કર્યુ. પરંતુ લોકસભા દ્વારા પ્રવર સમિતિને કેટલીક કાનૂની જોગવાઇઓ ચકાસી જવા મોકલવામાં આવ્યું. બાદ ૧૪ ડિસેમ્બર, ૨૦૧૬ રાજયસભાએ સર્વાનુમતે બિલ પર મહોર મારી રાજયસભાના પગલે ૧૬મી ડિસેમ્બરના રોજ લોકસભાએ પણ સર્વાનુમતે બીલને બહાલી આપી. ૨૭ ડિસેમ્બર, ૨૦૧૬ ના રોજ ગેઝેટ પર સંમતિ મેળવવા માટે બીલને રાષ્ટ્રપતિ ભવનમાં મોકલવામાં આવ્યું અને ૨૮ ડિસેમ્બર, ૨૦૧૬ ના રોજ તત્કાલીન મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીએ સહી કરવાથી અશકત વ્યકિતનો અધિકાર અધિનિયમ–૨૦૧૬ કાયદા તરીકે પ્રસ્થાપિત થયો અને તેને અમલમાં મૂકવાનો માર્ગ મોકળો થયો.

'ધ રાઇટ્સ ઑફ પર્સન્સ વીથ ડિસેબિલિટિઝ એકટ–૨૦૧૬' કાયદો ભારત સરકારના કાયદા તથા ન્યાય મંત્રાલય દ્વારા તારીખ ૨૭ ડિસેમ્બર, ૨૦૧૬ ના રોજ પારિત થતા તારીખ ૧૭ એપ્રિલ, ૨૦૧૭ ના રોજ સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવ્યો. જેમાં પરિશિષ્ટ–૧ પ્રમાણે ૨૧ વિકલાંગતાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમ કે,

| | |
|---|---|
| 1. LOCOMOTOR DISABILITY | શારીરિક હલન–ચલન (લોકોમોટર ડિસેબિલિટિ/અસ્થિવિષયક) |
| 2. MUSCULAR DYSTROPHY | સ્નાયુઓની વિકૃતિ (મસ્કયુલર ડિસ્ટ્રોફી) |
| 3. LEPROSY | કુષ્ટરોગમાંથી સાજા થયેલ (લેપ્રોસીકયોર પર્સન) |
| 4. CEREBRAL PALSY | મગજનો લકવો (સેરેબ્રલ પાલ્સી) |
| 5. DWARFISM | ઠીંગણાપણું (દ્વારફીશમ) |
| 6. ACID ATTACK VICTIM | એસિડના હુમલાનો ભોગ બનેલ (એસિડ અટેક વિકટીમ) |
| 7. LOW VISION | અલ્પદષ્ટિ (લૉ–વિઝન) |
| 8. BLINDNESS | સંપૂર્ણ દષ્ટિહીન (બ્લાઇન્ડનેસ) |
| 9. HEARING IMPAIRED | શ્રવણમંદતા/બહેરાશ (હિયરિંગ ઇમ્પેર્ડ) |

| | | |
|---|---|---|
| 10. | HARD OF HEARING IMPAIRED | શ્રવણમંદતા/ખૂબ ઓછું સાંભળી શકવું (ડેફ/હાર્ડ ઓફ હિયરિંગ) |
| 11. | SPEECH AND LANGUAGE IMPAIRMENT | વાચા અને ભાષાની વિકલાંગતા (સ્પીચ એન્ડ લેંગ્વેજ ડિસેબિલિટિ) |
| 12. | INTELLECTUAL DISABILITY | બૌદ્ધિક વિકલાંગતા (ઇન્ટેલેકચ્યુલ ડિસેબિલિટિ) |
| 13. | SPECIFIC LEARNING DISABILITY | ચોક્કસ શિખવામાં વિકલાંગતા (સ્પેસીફીક લર્નિંગ ડિસેબિલિટિ) |
| 14. | AUTISM | સ્વલીનતા (ઓટિઝમ) |
| 15. | MENTAL ILLNESS | માનસિક બીમારી (મેન્ટલ ઈલનેસ) |
| 16. | CHRONIC ENCYCLOPEDIC ILLNESS | દીર્ઘકાલીન જ્ઞાનતંત્રીય બીમારી |
| 17. | MULTIPLE SCLEROSIS | બહુવિધ સ્કલેરોસીસ (મલ્ટીપલ સ્કલેરોસીસ) |
| 18. | PARKINSON DISORDER | કંપાવત (પાર્કિંગસન ડિસઓર્ડર) |
| 19. | HAEMOPHILIA | રકતસ્ત્રાવ (હેમોફિલિયા) |
| 20. | THALASSEMIA | થેલેસેમિયા |
| 21. | SICKLE CELL DISABILITY | સિકલ સેલ એનીમિયા |

આ અધિનિયમ નીચે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, સ્થાનિક સત્તામંડળો, બોર્ડ–નિગમ, જાહેર સાહસો તેમજ ખાનગી/પ્રાઈવેટ સંસ્થાઓ, સોસાયટી, મંડળો, કારખાનાઓ બાધિત થાય છે. આ કાયદા અનુસાર વિકલાંગ વ્યકિતઓ (૪૦ ટકા થી ઓછી વિકલાંગતા), બેન્ચમાર્ક વિકલાંગતા (૪૦ ટકા અને તેથી ઉપર) તેમજ વધુ સહાયક સેવાની જરૂરિયાતવાળા વિકલાંગોને આ કાયદા અનુસાર લાભાન્વિત કરવા પ્રાવધાન કરવામાં આવ્યું છે. નિર્દય, અમાનવીય વ્યવહાર, વિકલાંગોના અધિકારનો દુરુપયોગ, હિંસા, તિરસ્કાર કે તેમનું શોષણ થતું અટકાવવા સંરક્ષણાત્મક પગલા ભરવાની હિમાયત આ અધિનિયમ હેઠળ કરવામાં આવી છે. જેનો સારાંશ આપણે મેળવીએ.

આ અધિનિયમ કુલ ૧૭ પ્રકરણોમાં કુલ ૧૦૨ કલમો અને તેની પેટા કલમોમાં આવરી લેવામાં આવ્યો છે. જેની વિગત નીચે મુજબ છે.

**પ્રકરણ : ૦૧. પ્રારંભિક (કલમ ૦૧ અને ૦૨)**

કલમ ૧ અને ૨ તેમજ તેની જુદી-જુદી પેટા કલમોમાં ધારામાં વપરાયેલ શબ્દો અને વ્યાખ્યાઓ વિશે સમજૂતી આપવામાં આવી છે.

**પ્રકરણઃ ૦૨. હક અને હકદારી (કલમ ૦૩ થી ૧૫)**

કલમ–૩ થી ૧૫ અને તેની જુદી-જુદી પેટા કલમો અનુસાર વિકલાંગોના હક અને હકદારી વિશે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી છે. અન્ય વ્યકિતઓની જેમ વિકલાંગોને પણ સમાનતાનો અધિકાર, જીવન જીવવાનો હક ગરીમાપૂર્વક મળી રહે તેવા પગલાં લેવા સૂચિત સરકારે યોગ્ય વાતાવરણ પૂરું પાડવાનો પ્રયત્ન કરવો પડશે તેમ આ પ્રકરણમાં જણાવ્યું છે.

**પ્રકરણઃ ૦૩. શિક્ષણ (કલમ ૧૬ થી ૧૮)**

પ્રકરણ–૩ વિકલાંગ બાળકોના શિક્ષણ પર આધારિત છે જેમાં કલમ ૧૬ થી ૧૮ અને તેની પેટા કલમોનો સમાવેશ થાય છે. જેમાં વિકલાંગ બાળકોના સંમિલિત શિક્ષણ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

**પ્રકરણઃ ૦૪. કૌશલ વિકાસ અને રોજગાર (કલમ ૧૯ થી ૨૩)**

પ્રકરણ–૪, ૧૯ થી ૨૩ કલમો અને તેની પેટા કલમો વચ્ચે વહેંચાયેલું છે. જેમાં વિકલાંગ વ્યકિતઓના કૌશલ્ય વિકાસ અને રોજગારી વિશે વાત કરવામાં આવી છે. જેમાં કલમ ૧૯ અન્વયે સૂચિત

સરકારે વિકલાંગ વ્યકિતઓની વ્યાવસાયિક તાલીમ, સ્વરોજગાર તેમજ તેના રોજગારને સુગમ બનાવવા રાહત દરે લોન આપવા જેવી બાબતો સહિતની જોગવાઈઓ કરતી યોજનાઓ અને કાર્યક્રમો સ્પષ્ટપણે આપવા પડશે. વિકલાંગોના રોજગાર સંબંધિત આ પ્રકરણ મુજબ અગત્યની કલમ–૨૦(૪) મુજબ કોઈ સામાન્ય કર્મચારી તેની સેવા દરમિયાન અશકતતાનો ભોગ બને તો તેને નોકરી પરથી દૂર કરી શકાશે નહીં કે તેની સેવાની પાયરી ઘટાડી શકાશે નહીં. જયારે નારાજ વિકલાંગ વ્યકિત પોતાની નારાજગી અંગે ફરિયાદ દાખલ કરી શકે તેવા હેતુસર અને કાયદાનાં અસરકારક અમલ માટે કલમ ૨૩ (૧) મુજબ દરેક સૂચિત સરકાર/સરકારી સંસ્થાઓએ કલમ ૧૯ ના હેતુ માટે 'ફરિયાદ નિવારણ અધિકારી'ની નિમણૂક કરવી પડશે. આવા અધિકારીની નિમણૂક અંગે રાજય માટે રાજય કમિશનર અને કેન્દ્ર માટે કેન્દ્ર કમિશનરને માહિતગાર કરવા પડશે.

**પ્રકરણઃ ૦૫. સમાજસુરક્ષા, આરોગ્ય, પુનઃસ્થાપન અને આનંદપ્રમોદ (કલમ ૨૪ થી ૩૦)**

કલમ ૨૪ થી ૩૦ અને તેની પેટા કલમો વચ્ચે આવરી લેવામા આવેલ આ પ્રકરણમાં વિકલાંગ વ્યકિતઓના અધિકારને ઉત્તેજન આપવામાં આવ્યું છે. આ ધારાની કલમ ૨૪ (૧) મુજબ સૂચિતસરકારે વિકલાંગ વ્યકિત સ્વતંત્રપણે સમાજમાં જીવન જીવવા માટે સમર્થ બની શકે તેવા પગલાં ભરવા પડશે અને તેના માટેના વિશિષ્ટ કાર્યક્રમોને ઉત્તેજન આપવું પડશે અથવા કાર્યક્રમો ઘડવા પડશે. જેમાં સામાન્ય લોકોને આપવામાં આવતી સહાય કરતા વિકલાંગ વ્યકિતઓ માટેની સહાયનું પ્રમાણ ૫૦ ટકા વધારે રાખવું પડશે. પેટા કલમ ૩ મુજબ સલામતી, સ્વચ્છતા, આરોગ્ય સંભાળ અને પરામર્શના સંદર્ભમાં નિર્વાહની ઉચિત સ્થિતિ સાથેના સામુદાયિક કેન્દ્રો જેમને કુટુંબ ન હોય, ત્યજી દેવામાં આવ્યા હોય કે આશ્રય સ્થાન વગરના હોય એવા લોકોની સંભાળ માટે ખાસ સુવિધાઓ ઊભી કરવી પડશે. કુદરતી કે માનવસર્જિત આપત્તિનો ભોગ બનેલ વિકલાંગોને મદદ આપવી પડશે. તેમજ વિકલાંગ બહેનો માટે તેના બાળ ઉછેરના હેતુ માટે મદદ આપવી પડશે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારનાં પરિવારને પીવાનું શુદ્ધ પાણી પૂરૂં પાડવું પડશે. આના જેવી અનેક યોજનાઓ આ કાયદા નીચે સરકારે વિકલાંગોના વિકાસ માટે અમલમાં મૂકવી પડશે. સૂચિત સરકારે આ અધિનિયમની કલમ ૨૫ અને તેની પેટા કલમો અનુસાર વિકલાંગતા અટકાયત, સંશોધન, આરોગ્ય તપાસ તેમજ વિકલાંગોની સુખાકારી માટે વિવિધ પગલાં લેવા પડશે. (ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં) જયારે કલમ ૨૬ મુજબ સૂચિત સરકારેજાહેરનામાંથી તેના કર્મચારીઓ માટે ખાસ વીમા યોજના ઘડવી પડશે. આ પ્રકરણની કલમ ૨૭ (૧ અને ૨) અંતર્ગત અશકત વ્યકિતઓનાં પુનઃસ્થાપનનાં હેતુઓ માટે સૂચિત સરકાર અને સ્થાનિક સત્તા મંડળ બિન સરકારી સંગઠનોને નાણાકીય સહાય કરશે. તેમજ પેટા કલમ ૩ મુજબ આવી નીતિઓ તૈયાર કરતા પહેલા બિન સરકારી સંગઠનો સાથે પરામર્શ કરશે. આ ઉપરાંત કલમ ૨૯ મુજબ સ્થાનિક સત્તા મંડળના સહયોગથી વિકલાંગ વ્યકિતઓના સંરક્ષણ, સાંસ્કૃતિક જીવન ભોગવી શકે તેવા હેતુ માટે આનંદ–પ્રમોદની પ્રવૃત્તિને વેગ આપવો પડશે. જેમ કે વિકલાંગ કલાકાર, લેખકો, વિશિષ્ટ પ્રતિભાસંપન્ન વ્યકિતઓ આગળ ધપી શકે તે માટે તેને સુવિધાઓ પૂરી પાડવી પડશે અને મદદ કરવી પડશે. આવી પ્રવૃત્તિઓને યોગ્ય પ્રોત્સાહન મળે તે માટે વિકલાંગોની ભાગીદારીને સુગમ બનાવવા સહિતના પગલાં લેવા પડશે. જરૂર જણાય ત્યાં શૈક્ષણિક અભ્યાસક્રમની રૂપરેખા ફરીથી તૈયાર કરવી પડશે. તો કલમ ૩૦ અંતર્ગત વિકલાંગ ખેલાડીઓને પ્રોત્સાહન મળે તે હેતુસર વિકલાંગોની રમતગમતની પ્રવૃત્તિઓને વેગ મળે તેવા પગલા સૂચિત સરકારે લેવા અનિવાર્ય બનશે.

## પ્રકરણઃ ૦૬. પ્રમાણભૂત (આધારચિહ્નવાળી) અશકત વ્યકિતઓ માટે ખાસ જોગવાઈઓ (કલમ ૩૧ થી ૩૭)

કલમ ૩૧ થી ૩૭ વચ્ચે વહેચાયેલા આ પ્રકરણમાં બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર સહિતની બાબતોને સમાવવામાં આવી છે. ૧૮ વર્ષની વય સુધી વિકલાંગ બાળકોને નિઃશુલ્ક શિક્ષણ મળે તેવી જોગવાઈઓ કરવામાં આવી છે. તેમજ આ કાયદાની જોગવાઈ મુજબ દરેક પ્રમાણભૂત અશકત બાળકને ૧૮ વર્ષની ઉંમરનો થાય ત્યાં સુધી યોગ્ય વાતાવરણમાં મફત શિક્ષણ પ્રાપ્ત થાય તેવા પગલાં ભરવા પડશે. તેમજ પ્રમાણભૂત ક્ષતિગ્રસ્તાવાળા બાળકોને ઓછામાં ઓછી ૫ ટકા બેઠકો પ્રવેશ માટે ફાળવવી પડશે. તેમ જ પ્રવેશ માટે ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ આપવી જોઈશે. આ પ્રકરણની કલમ ૩૩ મુજબ વિકલાંગ વ્યકિતઓનાં રોજગારને વેગ મળે તે માટે વિકલાંગ વ્યકિતઓ કાર્ય કરી શકે તેવી જગ્યાઓ તારવવા એક તજ્જ્ઞ સમિતિની નિમણૂક કરવી પડશે અને આ સમિતિ દ્વારા દર ત્રણ વર્ષે આવી જગ્યાઓની સમીક્ષા કરવી અનિવાર્ય છે. તેમજ કલમ ૩૪ મુજબ કલમ–૩૩ પ્રમાણે તારવેલી જગ્યાઓ પર ઓછામાં ઓછા ચાર ટકા નીચે દર્શાવેલ કોષ્ટક પ્રમાણેના વિકલાંગ વર્ગને લાભ મળે તે રીતે ભરતી કરવાની રહેશે.

| ક્રમ | વિકલાંગના પ્રકારો | ટકાવારી ફાળવણી |
|---|---|---|
| (ક) | સંપૂર્ણ દષ્ટિહીન અને અલ્પદષ્ટિ વાળી વ્યકિત | ૧ % |
| (ખ) | બધિર અને સાંભળવાની ક્ષતિ ધરાવતી વ્યકિતઓ | ૧ % |
| (ગ) | મગજના લકવાનો ભોગ બનેલ વ્યકિતઓ,<br>રકતપિત્તના રોગમાંથી મુકત થયેલ વ્યકિતઓ,<br>વામનતા ધરાવતી વ્યકિત,<br>એસિડ હુમલાનો ભોગ બનેલ વ્યકિત,<br>સ્નાયુબદ્ધ દોષ, આહાર, મસ્કયુલર ડિસ્ટ્રોફી સહિત<br>હલનચલનની અશકતતા વાળી વ્યકિતઓ | ૧ % |
| (ઘ) | ઓટીઝમ, બૌદ્ધિક અશકતતા, અધ્યયનને લગતી ખામી ધરાવતી વ્યકિતઓ, માનસિક અશકતતા ધરાવતી વ્યકિતઓ | ૧ % |
| (ચ) | (મલ્ટીપલ ડિસેબિલિટી)<br>એકથી વધુ વિકલાંગતાનો ભોગ બનેલ વ્યકિત | |

## પ્રકરણઃ ૦૭. સઘન આધારની જરૂરિયાતવાળી અશકત વ્યકિતઓ માટે ખાસ જોગવાઈઓ. (કલમ–૩૮)

સઘન આધારની જરૂરિયાતવાળી વિકલાંગ વ્યકિતઓ માટે ખાસ જોગવાઈઓ પૂરી પાડતી કલમ ૩૮ અને તેની પેટા કલમો મુજબ પ્રમાણભૂત આધારચિહ્નોવાળી વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ માટે ખાસ મૂલ્યાંકન બોર્ડ કેન્દ્ર સરકાર ઠરાવે તેવી રીતે મોકલવામાં આવશે અને તે અંગે મૂલ્યાંકન કરી સૂચિત સરકારના હુકમોને આધીન રહીને આવા વ્યકિતઓનાં હિતમાં પગલા લેશે.

**પ્રકરણઃ ૦૮. સૂચિત સરકારની ફરજો અને જવાબદારીઓ (કલમ–૩૯ થી ૪૮)**

કલમ ૩૯ થી ૪૮ વચ્ચે વહેંચાયેલ આ પ્રકરણ મુજબ સૂચિત સરકાર, મુખ્ય કમિશનર અથવા રાજય કમિશનર સાથે વિચારવિનિમય કરીને આ અધિનિયમ હેઠળ પૂરા પાડવામાં આવેલા અશકત વ્યકિતઓના અધિકારોનું સંરક્ષણ સુનિશ્ચિત કરવા માટે જાગૃતિ અભિયાન અને સંવેદનશીલતા કાર્યક્રમોનું આયોજન કરશે, તેને પ્રોત્સાહન આપશે, આધાર આપશે અથવા ઉત્તેજન આપશે.

**પ્રકરણઃ ૦૯. અશકત વ્યકિતઓ માટેની સંસ્થાની નોંધણી (રજિસ્ટ્રેશન) અને આવી સંસ્થાઓને અનુદાન (ગ્રાન્ટ) (કલમ–૪૯ થી ૫૫)**

અશકત વ્યકિતઓ માટે કાર્યરત સંસ્થાઓની નોંધણી અને આવી સંસ્થાઓને અપાતા અનુદાન અંગેની જોગવાઈઓ આ પ્રકરણમાં કલમ ૪૯ થી ૫૫ અને તેની પેટા કલમો વચ્ચે કરવામાં આવી છે.

**પ્રકરણઃ ૧૦. નિર્દિષ્ટ અશકતતાનું પ્રમાણીકરણ (કલમ–૫૬ થી ૫૯)**

આ પ્રકરણની કલમ ૫૬ થી ૫૯ અંતર્ગત કેન્દ્રસરકાર વિકલાંગતાનાં પ્રમાણનું મૂલ્યાંકન (આકારણી) કરવાના હેતુ માટે માર્ગદર્શિકા જાહેર કરશે તેમજ આ માટેના પ્રમાણપત્રો તૈયાર કરવા સક્ષમ હોય તેવા પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારીઓ લાયકાત અને અનુભવના ધોરણે નકકી કરશે.

**પ્રકરણઃ ૧૧. અશકતતા અંગે કેન્દ્રીય અને રાજય સલાહકાર બોર્ડ તથા જિલ્લાકક્ષા સમિતિ (કલમ ૬૦ થી ૭૩)**

આ પ્રકરણ અંતર્ગત કાયદાના સુચારુ અમલ માટે કલમ ૬૦ મુજબ કેન્દ્રીય સલાહકાર બોર્ડ, કલમ ૬૬ મુજબ રાજય સલાહકાર બોર્ડ અને કલમ ૭૨ મુજબ જિલ્લા સલાહકાર સમિતિની રચના કરવી અનિવાર્ય છે.

**પ્રકરણઃ ૧૨. અશકત વ્યકિતઓ માટે મુખ્ય કમિશનર અને રાજય કમિશનર (કલમ–૭૪ થી ૮૩)**

વિકલાંગ વ્યકિતઓ માટે મુખ્ય કમિશનર કલમ ૭૪ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા અધિનિયમના હેતુઓ માટે મુખ્ય કમિશનરની તેના બે સહાયક કમિશનર સાથે નિમણૂક કરશે. કલમ ૭૫ થી ૭૮ વચ્ચે મુખ્ય કમિશનરની નિમણૂક તેને કરવાના કાર્યો અને ફરજો વિશે ચર્ચા કરવામાં આવી છે. કલમ ૭૯ અંતર્ગત રાજય કમિશનર અને તેના સહાયક કમિશનરની નિમણૂક અંગે વિગતો આપવામાં આવી છે. આ ઉપરાંત રાજય કમિશનરના કાર્યો, તેની જવાબદારી, તેના સાથી કર્મચારીઓ વિશે કલમ ૭૯ થી ૮૩ અને તેની જુદી-જુદી પેટા કલમોમાં દર્શાવવામાં આવ્યું છે.

**પ્રકરણઃ ૧૩. સ્પેશિયલ કોર્ટ (કલમ–૮૪ અને ૮૫)**

વિકલાંગ વ્યકિતઓને ઝડપી ન્યાય મળે તે માટે સ્પેશિયલ કોર્ટ (ખાસ અદાલત) સ્થાપવા આ પ્રકરણની કલમ ૮૪ અને ૮૫ અંતર્ગત માહિતી આપવામાં આવેલ છે. કલમ ૮૪ અંતર્ગત ઝડપી અદાલતી કાર્યવાહીની વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા જાહેરનામા પ્રસિદ્ધ કરી ખાસ અદાલત સ્થાપી શકાશે. તેમજ કલમ ૮૫ અનુસાર ખાસ અદાલત માટે રાજયસરકાર જાહેરનામા પ્રસિદ્ધ કરી સરકારી ફોજદારી વકીલ નિર્દેશ કરી શકશે.

**પ્રકરણઃ ૧૪. અશકત વ્યકિતઓનાં વિકાસ માટે રાષ્ટ્રીય ફંડ (કલમ–૮૬ અને ૮૭)**

અશકત વ્યકિતઓ માટે રાષ્ટ્રીય ફંડ ઊભું કરવાની જાણકારી આ પ્રકરણની કલમ ૮૬ અને ૮૭માં આપવામાં આવી છે.

**પ્રકરણઃ ૧૫. અશકત વ્યકિતઓનાં વિકાસ માટે રાજય ફંડ (કલમ–૮૮)**

આ પ્રકરણ અનુસાર ઉપરોકત કલમ ૮૬ અને ૮૭ની રૂએ અશકત વ્યકિતઓ માટે રાજયકક્ષાએ ફંડ ઊભું કરવાની માહિતી કલમ ૮૮ માં દર્શાવેલ છે.

**પ્રકરણઃ ૧૬. ગુનો અને શિક્ષા (કલમ–૮૯ થી ૯૫)**

ગુનો અને શિક્ષા  આધારિત આ પ્રકરણના નિયમોને આધીન કાયદાનું ઉલ્લંઘન કરનારને રૂપિયા દસ હજારથી શરૂ કરી રૂપિયા પાંચ લાખ સુધીના દંડની જોગવાઇ કલમ ૮૯ થી ૯૫ અને તેની પેટા કલમો હેઠળ કરવામાં આવી છે

**પ્રકરણઃ ૧૭. પ્રકીર્ણ (કલમ–૯૬ થી ૧૦૨)**

પરચૂરણ બાબતો પર અવલંબિત આ પ્રકરણ કલમ ૯૬ થી ૧૦૨ અને તેની પેટા કલમોમાં વહેંચાયેલું છે. જેમાં આ કાયદાને લગતી કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે. જેવી કે કલમ ૯૬ અનુસાર આ અધિનિયમની જોગવાઇઓ, જે તે સમયે અમલમાં હોય તેવા કોઇ અન્ય કાયદાની જોગવાઇઓ ઉપરાંતની આ અધિનિયમની જોગવાઈઓનું અલ્પીકરણ ન કરતી હોય તેવી રહેશે.

## :: નમ્ર નિવેદન ::

'ધ રાઇટ્સ ઑફ પર્સન્સ વીથ ડિસેબિલિટિઝ એકટ–૨૦૧૬' એટલે કે –'વિકલાંગતા અધિકાર અધિનિયમ ૨૦૧૬' ભારત સરકારે અંગ્રેજી ભાષામાં જાહેર જનતાની જાણકારી માટે પ્રસિદ્ધ કરેલ છે. આ ધારાનું જ્ઞાન ગુજરાતની જનતા અને રાજયના વિકલાંગ વ્યકિતઓ સરળતાથી મેળવી શકે, તેનો લાભ ઉઠાવી શકે તેવા હેતુસર આ અધિનિયમનો સંક્ષિપ્ત ગુજરાતી અનુવાદ કરવાનો અમોએ નમ્ર પ્રયાસ કર્યો છે.

અનુવાદમાં કોઈ ક્ષતિ કે ભૂલ અનુભવાય તો તે અમારી છે અને તેને ક્ષમ્ય ગણશો. આવી પરિસ્થિતિમાં આ ધારાના અમલીકરણ કે અર્થઘટનમાં કોઈ ગૂંચવણ કે અસ્પષ્ટતા ઊભી થાય તો ભારત સરકારે પ્રસિદ્ધ કરેલ ધ રાઇટ્સ ઑફ પર્સન્સ વીથ ડિસેબિલિટિઝ એકટ–૨૦૧૬ ની અંગ્રેજી પ્રતને આધારરૂપ ગણવી.

**લાભુભાઈ સોનાણી - પ્રમુખ**
અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ
મો. ૯૩૭૬૬૮૮૫૮૪
**Email : ltsonani@gmail.com**



## લાભુભાઇ સોનાણી – પ્રમુખ

:: સૌજન્ય ::


અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ

(ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નંબર : એફ/૨૬૩૮/ભાવનગર)

C/o. શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉધોગ શાળા કેમ્પસ,

નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર, ભાવનગર.

ફોન નં. ૦૨૭૮–૨૫૧૧૭૧૮, Email: agnjtbhavnagar@gmail.com

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી ૨૦૧૮

મૂલ્ય : અવમૂલ્ય

મુદ્રક : રત્ના પ્રિન્ટર્સ – હલુરીયા ચોક, ભાવનગર
મો.૯૪૨૬૨૭૨૦૯૦

નકલ : ૧૦,૦૦૦